**આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર તથા નિંદણ નિયંત્રણ વિભાગ (આઈસીએઆર) બીએસીએ મહાવિદ્યાલય, આણંદના સયુંકત ઉપક્રમે તા. ૧૩/૮/૨૦૨૧ના રોજ એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના તથા નિંદણ નિયંત્રણ વિભાગ (આઈસીએઆર) બીએસીએ મહાવિદ્યાલય, આણંદના સયુંકત ઉપક્રમે તા. ૧૩/૮/૨૦૨૧ના રોજ નિંદણ નિયંત્રણ વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં દાહોદ જીલ્લાના ગોરીયાગામ તાલુકો લીમખેડાની ખેડૂત મહિલાઓએ ભાગ લીધો હતો. અત્રેની કચેરીના વડા ડૉ. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી ધ્વારા ખેડૂત મહિલાઓને ખરીફ પાકોમાં સંકલિત નિંદણ નિયંત્રણ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તાલીમમાં ડૉ. બી.ડી.પટેલ, વિભાગીય વડા, નિંદણ નિયંત્રણ વિભાગ, આકૃયુ, આણંદ ધ્વારા નિંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ વિશે જાણકારી આપેલ. ડૉ. ડી.ડી.ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, આકૃયુ, આણંદ ધ્વારા નિંદણ નાશકો અને તેના ઉપયોગમાં રાખવામાં આવતી કાળજીથી માહિતગાર કરેલ. ડૉ. વિમલ પટેલ, આચાર્યશ્રી, પોલીટેકનીક કૃષિ કોલેજ, આકૃયુ, આણંદ ધ્વારા પ્રાકૃતિક ખેતીમાં અચ્છાદન ધ્વારા નિંદણ વ્યવસ્થાપનની માહિતી આપેલ. અત્રેની કચેરીના રીસર્ચ એસોસીએટ ડૉ. એકતા એચ.પંડયા (આર.એ.) ધ્વારા વિવિધ ઉપયોગીતાની દષ્ટ્રિએ નિંદણ વિશે મહિલાઓને માહિતગાર કરેલ. ડૉ.એ.વાય.માકાણી (આર.એ.) એ નિંદણ અને તેનાથી થતા નુકશાન વિશે માહિતી પુરી પાડેલ. અત્રેની કચેરીના બન્ને રીસર્ચ એસોસીએટના સહયોગથી કાર્યક્રમને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ.







